# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 14-08-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે 78માં સ્વાતંત્ર્ય દિવસની પૂર્વ સંધ્યાએ સાંજે 7 વાગે રાષ્ટ્રજોગ સંબોધન કરશે.
- ✓ કેન્દ્રીય આરોગ્ય મંત્રી સાથેની મુલાકાત બાદ મહિલા તબીબ સાથેના દુષ્કર્મ અને હત્યા મામલે ચાલી રહેલી તબીબોની હડતાળ સમેટાઇ ....
- ✓ ચૂંટણી પંચે હરિયાણા અને જમ્મુ કાશ્મીરમાં આગામી સમયમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરી
- ✓ ભારત અને ઓસ્ટ્રેલિયાએ આતંકવાદના તમામ સ્વરૂપોની નિંદા કરી છે
- ✓ TRAIએ તમામ ટેલિકોમ કંપનીઓને નોંધણી ન કરાયેલા હોય અથવા ટેલિમાર્કેટર્સના પ્રમોશનલ કૉલ્સ તાત્કાલિક ધોરણે બંધ કરવાનો આદેશ આપ્યો છે.
- ✓ કુસ્તીબાજ વિનેશ ફોગટની અરજી પરનો ચુકાદો 16 ઓગસ્ટે.

## *PREZ- ADDRESS INDEPENDENCE DAY*

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે 78માં સ્વાતંત્ર્ય દિવસની પૂર્વ સંધ્યાએ સાંજે 7 વાગે રાષ્ટ્રજોગ સંબોધન કરશે. જેનું સીધું જીવંત પ્રસારણ આપ, આકાશવાણીના તમામ કેન્દ્રો તેમજ દૂરદર્શનની તમામ ચેનલો પર પ્રથમ હિન્દી અને ત્યારબાદ અંગ્રેજીમાં સાંભળી શકશો.**

આકાશવાણીના કેન્દ્રો પર પ્રાદેશિક ભાષામાં પ્રસારણ રાત્રે 9.30 કલાકે સાંભળી શકાશે. જ્યારે દુરદર્શન પર હિન્દી અને અંગ્રેજીમાં જીવંત પ્રસારણ બાદ પ્રાદેશિક ભાષાઓમાં પણ પ્રસારણ થશે.

.................

## *INDPENDENCE DAY-SPECIAL GUESTS*

સરકારે આવતીકાલે દિલ્હીના લાલ કિલ્લા પર યોજાનારી સ્વતંત્રતા દિવસની ઉજવણી માટે પંચાયતી રાજ સંસ્થાઓના 400 થી વધુ ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 160 થી વધુ કાર્યકર્તાઓને વિશેષ અતિથિ તરીકે આમંત્રિત કર્યા છે.

આ આમંત્રિતોમાં પંચાયતી રાજની મહિલા પ્રતિનિધિઓ અને મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના પ્રાદેશિક અધિકારીઓનો સમાવેશ થાય છે, જેઓ દેશમાં વિવિધ યોજનાઓ લાગુ કરી રહ્યા છે. આ વિશેષ મહેમાનોને દેશના સશક્તિકરણ તરફના તેમના પ્રયાસોના સન્માનમાં આમંત્રિત કરવામાં આવ્યા છે.

મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે જણાવ્યું કે આમંત્રિત કાર્યકર્તાઓમાં આંગણવાડી કાર્યકરો, સખી વન-સ્ટોપ સેન્ટર, સંકલ્પઃ મહિલા સશક્તિકરણ કેન્દ્ર, અને અન્યનો સમાવેશ થાય છે. પંચાયતી રાજ મંત્રાલયે જણાવ્યું હતું કે તમામ પાયાના કાર્યકર્તાઓને આમંત્રિત કરવાનોનો હેતુ તેમને ઐતિહાસિક રાષ્ટ્રીય ઉજવણીનો ભાગ બનાવી ગૌરવ અને દેશભક્તિની ભાવનાને ઉત્તેજન આપતા અનુભવ પ્રદાન કરવાનો છે

પંચાયતી રાજ રાજ્ય મંત્રી પ્રો. એસ.પી. સિંઘ બઘેલ પરિષદમાં સૌ આમંત્રિતોનું સન્માન કરશે.

.................

## *TIRANGA YATRA*

દેશમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીની ઉત્સાહભેર તૈયારીઓ ચાલી રહી છે.

ગઈકાલે જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લામાં ચેનાબ નદી પરના વિશ્વના સૌથી ઊંચા રેલ્વે બ્રિજ પર 750 મીટર લાંબા ત્રિરંગા ધ્વજ સાથે ત્રિરંગા રેલી કાઢવામાં આવી હતી.

હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીએ કરનાલમાં આયોજિત 'તિરંગા યાત્રા'માં ભાગ લીધો હતો. આ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને 'ભારત માતા કી જય'ના નારા લગાવતા શહેરના વિવિધ ચોકમાંથી નીકળ્યા હતા.

રાજસ્થાનમાં મુખ્યમંત્રી ભજન લાલ શર્માએ જયપુરમાં આયોજિત 'હર ઘર તિરંગા અભિયાન' અંતર્ગત તિરંગા યાત્રામાં ભાગ લીધો હતો. પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું કે સ્વતંત્રતા સેનાનીઓના કારણે જ દેશ અખંડ અને અવિભાજિત છે.

.................

## PM- ARUNACHAL 600 FT TIRANGA

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ અરુણાચલ પ્રદેશમાં હર ઘર તિરંગા અભિયાન હેઠળ છસો ફૂટ લાંબા ભારતીય રાષ્ટ્રધ્વજ સાથે યોજાયેલી ત્રિરંગા રેલી અંગે આનંદ વ્યક્ત કર્યો  છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે અરુણાચલ પ્રદેશ એક એવી ભૂમિ છે જ્યાં દરેક નાગરિકના હૃદયમાં દેશભક્તિની ભાવના ઊંડે ઊંડે અંકિત છે જે તેમના જીવંત સાંસ્કૃતિક વારસામાં સ્પષ્ટપણે પ્રતિબિંબિત થાય છે. શ્રી મોદીએ કહ્યું કે હર ઘર ત્રિરંગા અભિયાન પ્રત્યે આટલો ઉત્સાહ જોઈને તેઓ ખૂબ જ ખુશ છે.

.................

## REV-DOCTORS-STRIKE CALLED OFF

ફેડરેશન ઓફ રેસિડેન્ટ ડોક્ટર્સ એસોસિએશન (FORDA) એ કોલકાતામાં મહિલા ડૉક્ટરની હત્યાની ઘટનાને લઈને કરેલી હડતાળ પાછી ખેંચવાનો નિર્ણય લીધો છે.

ગઈકાલે નવી દિલ્હીમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડા સાથે એસોસિએશનના એક પ્રતિનિધિમંડળની મુલાકાત બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ઘટનાને લઈને સોમવારથી દેશભરના ડોક્ટરો વિરોધ કરી રહ્યા હતા. મીડિયા સાથેની વાતચીતમાં , એસોસિએશનના પ્રમુખ અવિરલ માથુરે જણાવ્યું હતું કે આરોગ્ય મંત્રીએ તેમની માંગણીઓ સમયમર્યાદામાં ઉકેલવામાં આવશે તેવી ખાતરી આપી છે . શ્રી માથુરે ઉમેર્યું કે તેમની તમામ માંગણીઓ સ્વીકારવામાં આવ્યા બાદ એસોસિએશને હડતાળ પાછી ખેંચવાનો નિર્ણય લીધો છે. શ્રી નડ્ડાએ હડતાળને પાછી ખેંચવાના એસોસિએશનના નિર્ણયને આવકાર્યો છે. તેમણે ડોકટરોને ખાતરી આપી હતી કે સલામત અને બહેતર કાર્યકારી વાતાવરણ સુનિશ્ચિત કરવા માટે તેમનું મંત્રાલય યોગ્ય પગલાં લેશે.

.................

## *WB HIGH COURT*

કોલકાતા વડી અદાલતે મહિલા તબીબ સાથે દુષ્કર્મ અને હત્યાનો કેસ સીબીઆઈને સોંપવાનો આદેશ કર્યો છે.

આ સાથે જ રાજ્યના આરોગ્ય વિભાગને સૂચના આપી હતી કે તે ડૉ. સંદીપ ઘોષને તાત્કાલિક ધોરણે રજા પર ઉતરી જવા માટે નિર્દેશ જાહેર કરે. ડૉ. સંદીપ ઘોષ કોલકાતાની આ.જી. કાર મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલના ભૂતપૂર્વ આચાર્ય છે.

આ કૉલેજમાં યુવતી સાથે દુષ્કર્મ અને હત્યા કેસમાં જાહેર હિતની અરજીની સુનાવણી કરતા વડી અદાલતે આ આદેશ આપ્યો હતો. ડૉ. ઘોષે આ સમગ્ર મામલે વિવાદ બાદ આચાર્યપદેથી રાજીનામું આપી દીધું હતું, જોકે ગણતરીના કલાકોમાં આરોગ્ય વિભાગ દ્વારા તેમને વધુ એક પ્રતિષ્ઠિત સંસ્થાનમાં પદ સોંપવામાં આવ્યું હતું.

અદાલતે સવાલ ઉઠાવ્યો કે આ કરૂણાંતિકાને પગલે જ્યારે સમગ્ર દેશમાં તબીબો આ મામલે હડતાળ પર ઉતરી ગયા છે, એવા સમયે માત્ર 12 કલાકમાં તેમને કેવી રીતે બીજું પદ આપવામાં આવ્યું. ઉલ્લેખનીય છે કે આ ઘટનાને

પગલે દેશભરના રેસીડેન્ટ ડોક્ટર્સ હડતાળ પર ઉતર્યા છે, દિલ્હીની એઇમ્સ સહિતના અનેક મોટી હૉસ્પિટલોમાં ઓપીડી સેવા બંધ કરી દેવાઈ છે.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

.................

## *EC-HARYANA-POLL-PREPARATION*

ભારતનું ચૂંટણી પંચ હરિયાણા અને કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજવાની તૈયારી કરી રહ્યું છે.

ચૂંટણી પંચની સત્તાવાર યાદીમાં જણાવાયું છે કે, મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર અને ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને એસએસ સંધુએ ગઇકાલે ચંદીગઢ ખાતે હરિયાણામાં આગામી વિધાનસભા ચૂંટણી માટે ચૂંટણી તૈયારીઓની વિગતવાર અને વ્યાપક સમીક્ષા કરી હતી

હરિયાણા વિધાનસભાનો કાર્યકાળ આ વર્ષે 3 નવેમ્બરે પૂરો થઈ રહ્યો છે.અને રાજ્યમાં 90 વિધાનસભા મતવિસ્તારો પર ચૂંટણી યોજાવાની છે. પંચની બે દિવસીય સમીક્ષા મુલાકાત દરમિયાન, પંચે ભારતીય જનતા પાર્ટી, આમ આદમી પાર્ટી, કોંગ્રેસ, માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટી, ઈન્ડિયન નેશનલ લોકદળ અને જનનાયક જનતા પાર્ટી સહિત વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી હતી. પંચે પ્રતિનિધિઓને તમામ  રાજકીય પક્ષોના સૂચનો અને ચિંતાઓને ધ્યાનમાં લીધી હોવાની ખાતરી આપી હતી છે. પંચે કહ્યું છે કે તે, રાજ્યમાં મુક્ત, નિષ્પક્ષ, શાંતિપૂર્ણ ચૂંટણીઓ કરાવવા માટે પ્રતિબદ્ધ છે.

.................

## ECI - HOME SECRETARY

જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષાની સ્થિતિની સમીક્ષા કરવા માટે ચૂંટણી પંચ આજે કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લા સાથે બેઠક કરશે.

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારના નેતૃત્વમાં પંચે તાજેતરમાં કેન્દ્રશાસિત પ્રદેશની મુલાકાત લીધી હતી અને જમ્મુ અને કાશ્મીરમાં ચૂંટણી તૈયારીઓની સમીક્ષા કરી હતી.

જમ્મુમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, શ્રી કુમારે ભારપૂર્વક જણાવ્યું હતું કે કમિશન જમ્મુ અને કાશ્મીરમાં વહેલી તકે ચૂંટણી યોજવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે કોઈપણ બાહ્ય અથવા આંતરિક શક્તિઓ કેન્દ્રશાસિત પ્રદેશમાં ચૂંટણી પ્રક્રિયાને ખોરવી શકશે નહીં.

.................

## INDIA - AUSTRALIA TERRORISM

ભારત અને ઓસ્ટ્રેલિયાએ આતંકવાદના તમામ સ્વરૂપોની નિંદા કરી છે અને આતંકવાદનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગને મજબૂત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

ગઈ કાલે નવી દિલ્હીમાં આયોજિત આતંકવાદ વિરોધી ભારત-ઓસ્ટ્રેલિયા સંયુક્ત કાર્યકારી જૂથની 14મી બેઠક બાદ આ નિવેદન જાહેર કરવામાં આવ્યું છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું કે બંને પક્ષોએ સરહદ પારના આતંકવાદ માટે આતંકવાદી પ્રોક્સીઓના ઉપયોગની નિંદા કરી, છે બંને દેશોએ સ્થાનિક, પ્રાદેશિક અને વૈશ્વિક આતંકવાદના પડકારોનું મૂલ્યાંકન કરવા અંગે વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું . બેઠકમાં આતંકવાદીઓ દ્વારા નવી અને ઉભરતી તકનીકોના ઉપયોગ, આતંકવાદી હેતુઓ માટે ઈન્ટરનેટનો દુરુપયોગ, આતંકવાદી ધિરાણ સહિત વિવિધ આતંકવાદ વિરોધી પડકારો અંગે વિસ્તૃત ચર્ચાઓ કરાઇ હતી

.................

## *TRAI BAN SPAM CALLS*

ભારતીય ટેલિકોમ નિયમન સંસ્થા – TRAIએ તમામ ટેલિકોમ કંપનીઓને નોંધણી ન કરાયેલા હોય અથવા ટેલિમાર્કેટર્સના પ્રમોશનલ કૉલ્સ તાત્કાલિક ધોરણે બંધ કરવાનો આદેશ આપ્યો છે.

સંચાર મંત્રાલયે જણાવ્યું છે કે જો કોઈ નોંધણી વગરના નંબરોથી વેપારી વોઇસ કૉલ્સ માટે ટેલિકોમ સંસાધનોનો દુરઉપયોગ કરતો જોવા મળશે, તો બે વર્ષના સમયગાળા માટે ઓરિજિનેટેડ એક્સેસ પ્રોવાઇડર એટલે કે મૂળ સેવા પ્રદાતાને પ્રતિબંધિત જાહેર કરાશે.

વધુમાં મંત્રાલયે જણાવ્યું છે કે પ્રતિબંધના સમયગાળા દરમિયાન કોઈ પણ સેવા પ્રદાતાને નવા ટેલિકોમ સંસાધનો ફાળવવામાં નહી આવે. મંત્રાલયે એમ પણ જણાવ્યું છે કે ટેલિકોમ સંસાધનોનો ઉપયોગ કરીને નાગરિકોને વેપારી વોઇસ કૉલ કરનારા તમામ બિન નોંધણી કરાયેલા પ્રેષકોને એક મહિનાની અંદર ડિસ્ટ્રિબ્યુટેડ લેજર ટેક્નોલોજી (DLT) પ્લેટફોર્મ પર સ્થાનાંતરિત કરવામાં આવશે.

વધુમાં મંત્રાલયે તમામ ટેલિકોમ સેવા પ્રદાતાઓને નિર્દેશોનું પાલન કરવા અને દર મહિનાની પહેલી અને સોળમી તારીખે પગલા અંગે નિયમિત અહેવાલ રજૂ કરવા આદેશ કર્યો છે. મંત્રાલયે જણાવ્યું હતું કે TRAIની આ નિર્ણાયક કાર્યવાહીથી સ્પામ કૉલ્સ નોંધપાત્ર રીતે ઘટશે અને ગ્રાહકોને રાહત મળશે તેવી અપેક્ષા છે.

.................

## *MORN. PHOGAT CASE HEARING*

કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટ (CAS) ના એડ હોક વિભાગે વધુ એકવાર વિનેશ ફોગાટની ઓલિમ્પિક ફાઈનલમાંથી ગેરલાયક ઠરવા સામેની અપીલ પરનો નિર્ણય મોકૂફ રાખ્યો છે.

હવે નિર્ણય આ 16 ઓગસ્ટે ભારતીય સમય અનુસાર રાત્રે 9.30 વગે આપશે તેવી જાહેરાત કરાઇ છે . અગાઉ, સીએએસનો નિર્ણય ગઈકાલે રાત્રે જાહેર થવાનો હતો.

ઉલ્લેખનીય છે કે  મહિલા કુસ્તીબાજ વિનેશ ફોગાટને સુવર્ણ ચંદ્રક માટેની મેચની સવારે વજન 100 ગ્રામ વધુ હોવાનું જાણવા મળતાં ઓલિમ્પિક ગેમ્સમાંથી ગેરલાયક ઠેરવવામાં આવી હતી. ફોગાટે ગેરલાયક ઠરવા સામે CAS ને અપીલ કરી હતી અને રજત ચંદ્રકની માંગણી કરી હતી.

.................